ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૧/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી અશ્વિનકુમાર મોહનભાઈ સેલર
**સામાવાળા** :– ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી અશ્વિનકુમાર મોહનભાઈ સેલરની તા.૦૧/૦૪/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૨૪/૦૫/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૨૪/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૧.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૮,તા.૦૪/૦૬/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૦,તા.૦૪/૦૬/૨૦૨૪.

અરજદાર શ્રી અશ્વિનકુમાર મોહનભાઈ સેલરની મુળ આઈ.ડી.નં.૪,તા.૦૧/૦૪/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૦૪,તા.૦૨/૦૪/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૭ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૫૯,તા. ૨૪/૦૫/૨૦૨૪થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૩૧૦ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે "હમો અરજદારે સુરત મહાનગર પાલિકાની કોર્ડ–૮૦૦,માર્શલ(પુરૂષ),માટે અરજી કરેલ જે કામે હમો અરજદારે પ્રથમ તબકકાની પ્રેકટીકલ પરીક્ષા જેનો અરજી નં. ૧૯૪૭, બેઠક નં. ૧૧૧૧૨, થી હમો અરજદારે સ્વીમીંગ ની પ્રેકટીકલ પરીક્ષા આપેલ જેના વિડયો રેકોડીંગ તથા ટાઈમીંગ રેકોડીંગ માટે રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મુગલીસરા સુરત ને તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ આર.ટી.આઈ. કરેલ ત્યારબાદ રીક્રુટમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ ડે.કમિશ્નરની મંજુરી મળયેથી વિડયો ગ્રાફીની હાર્ડ કોપી અથવા સોફટ કોપી આપવાની ખાત્રી આપેલ પરંતુ આજદીન સુધી તેઓ તરફથી કોઈ માહીતી આપવામાં આવેલ નથી જેથી સુરત મહાનગર પાલિકાની કોર્ડ–૮૦૦,માર્શલ(પુરૂષ),માટે અરજી કરેલ જે કામે હમો અરજદારે પ્રથમ તબકકાની પ્રેકટીકલ પરીક્ષા જેનો અરજી નં. ૧૯૪૭, બેઠક નં. ૧૧૧૧૨, થી હમો અરજદારે સ્વીમીંગ ની પ્રેકટીકલ પરીક્ષા આપેલ જેના વિડયો રેકોડીંગ તથા ટાઈમીંગ રેકોડીંગ આપવા આ અપીલ કરેલ છે. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " હમો અરજદારે સુરત મહાનગર પાલિકાની કોર્ડ–૮૦૦,માર્શલ(પુરૂષ),માટે અરજી કરેલ જે કામે હમો અરજદારે પ્રથમ તબકકાની પ્રેકટીકલ પરીક્ષા જેનો અરજી નં. ૧૯૪૭, બેઠક નં. ૧૧૧૧૨, થી હમો અરજદારે સ્વીમીંગ ની પ્રેકટીકલ પરીક્ષા આપેલ જેના વિડયો રેકોડીંગ તથા ટાઈમીંગ રેકોડીંગ હમો અરજદારને આપવા બાબત."માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૩,તા.૩૦/૦૪/૨૦૨૪ અનેનં.જીએડી/ઈએસટી/આર/૬૯,તા.૦૪/૦૫/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૩૮,તા.૦૪/૦૬/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૦,તા.૦૪/૦૬/૨૦૨૪થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૧/૦૪/૨૦૨૪ની આઈ.ડી.નં.૪ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીમાં માંગવામાં આવેલ માહિતી બાબતે જરૂરી પૂર્તતા અહેવાલ રજુ કરવા અરજદારને તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સુરત મહાનગરપાલિકા મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ, નવી એનેક્ષી બિલ્ડીંગ, પાંચમો માળ, એલ.આઈ.સી. ઓફિસની

સામે, મુગલીસરા સુરત ખાતે આપના ઓળખના પુરાવા સાથે હાજર રેહવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારને સ્વીમીંગ ની પ્રેકટીકલ પરીક્ષાની વિડયો ગ્રાફી ડે.મ્યુનિ.કમિશ્નરની મંજુરી મળયેથી હાર્ડ કોપી અથવા સોફટ કોપી આપવાની ખાત્રી આપેલ.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી અશ્વિનકુમાર મોહનભાઈ સેલર દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૪ની જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (આર)) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા અન્વયે " અત્રેના રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા સમગ્ર પ્રકારની રી–ચેકીંગ કરી માર્શલની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ હોય માન.કમિશનરશ્રીની મંજુરી મળયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી આપની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૮૧
સુરત. તા. ૨૧/૦૬/૨૦૨૪

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી અશ્વિનકુમાર મોહનભાઈ સેલર , પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૨/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી આત્મિક કિશનભાઈ ચારણીયા
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી આત્મિક કિશનભાઈ ચારણીયાની તા.૧૩/૦૫/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૨૧૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૨૯/૦૫/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૩૦/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૨.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૯,તા.૦૪/૦૬/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૧,તા.૦૪/૦૬/૨૦૨૪.

અરજદાર શ્રી આત્મિક કિશનભાઈ ચારણીયાની મુળ આઈ.ડી.નં.૨૧૭,તા.૧૩/૦૫/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ડિપાર્ટમેન્ટ)ના પત્ર નં.વીઆઈડી/૨૬૩,તા.૧૫/૦૫/૨૦૨૪ અને.વીઆઈડી/૨૬૩/૩,તા.૧૫/૦૫/૨૦૨૪ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૧૫/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૨૮ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૬૦,તા. ૩૦/૦૫/૨૦૨૪થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૩૯૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " પી.આર.ઓ/૨૧૧/૨૦૧૮–૨૦૧૯, તા.૧૬/૦૭/૨૦૧૮ની (૮૮૫) માર્શલ(પુરુષ)ની જાહેરાતમાં શારીરિક લાયકાત પૈકી કયા તબીબી માપદંડની લાયકાત સંદર્ભે અમોને અયોગ્ય જાહેર કરેલ અરજી કરેલ છે. તે જણાવવા વિનંતી કરવામાં આવે છે.(ઓર્થોપેડિક વિભાગ ધ્વારા કયા માપદંડમાં અયોગ્ય જાહેર કર્યા છે તે જણાવવા વિનંતી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " મને માર્શલ પુરુષની જગ્યા માટે અયોગ્ય જાહેર કરવાનું કારણ આપવા વિનંતી." માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪, તા.૨૩/૦૫/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૩૯,તા.૦૪/૦૬/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૧,તા.૦૪/૦૬/૨૦૨૪થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૩/૦૫/૨૦૨૪ની આઈ.ડી.નં.૨૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીમાં માંગવામાં આવેલ માહિતી બાબતે પી.આર.ઓ/૨૧૧/૨૦૧૮–૨૦૧૯, તા.૧૬/૦૭/૨૦૧૮ની (૮૮૫) માર્શલ(પુરુષ)ની જાહેરાતમાં શારીરિક લાયકાત પૈકીના તબીબી માપદંડની લાયકાત સંદર્ભે આપને અયોગ્ય જાહેર કરેલ છે. એમ જણાવવામા આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી આત્મિક કિશનભાઈ ચારણીયા દ્વારા તા.૨૯/૦૫/૨૦૨૪ની જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (આર)) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા અન્વયે પી.આર.ઓ/૨૧૧/૨૦૧૮–૨૦૧૯, તા.૧૬/૦૭/૨૦૧૮ની (૮૮૫) માર્શલ(પુરુષ)ની જાહેરાતમાં શારીરિક લાયકાત પૈકીના તબીબી માપદંડની લાયકાત મુજબ " ઉમેદવાર વાંકા ઢીંચણ ધરાવતા, **સપાટ પગ ધરાવતા**,ત્રાંસી આંખ ધરાવતા તેમજ બોલવામાં ક્ષતિ ધરાવતા ન હોવા જોઈએ.તેઓ માનસિક તથા શારીરિક રીતે કોઈપણ જાતની ક્ષતિ ધરાવતા ન હોવા જોઈએ." તે પૈકી સપાટ પગ હોવાના કારણોસર આપને અયોગ્ય જાહેર કરેલ છે. જે મુજબ મેડીકલ ટેસ્ટના સ્થળે ઓર્થોપેડીક વિભાગના ડોકટર ધ્વારા પત્રકમાં NOT ELIGIBLE લખી આપશ્રીને બતાવી તે પત્રક ઉપર આપશ્રીની સહી પણ લેવામાં આવેલ છે. આ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૫૩
સુરત. તા. ૧૦/૦૬/૨૦૨૪

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી આત્મિક કિશનભાઈ ચારણીયા , પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૩/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી જશવંતસિહ એ.બ્રહમભટ્ટ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી જશવંતસિહ એ.બ્રહમભટ્ટનીતા.૨૮/૦૮/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૧૨૬૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૯/૧૦/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૩.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪૨,તા.૧૮/૧૦/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૧,તા.૧૯/૧૦/૨૦૨૪.
(૪) અરજદારશ્રીને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૪,૬૮૦,તા. ૧૯/૧૦/૨૦૨૪ અને તા. ૦૫/૧૧/૨૦૨૪.

અરજદાર શ્રી જશવંતસિહ એ.બ્રહમભટ્ટની મુળ આઈ.ડી.નં.૧૨૬૨,તા.૨૮/૦૮/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને પ્રથમ શ્રેણી કલાર્ક,મધયસ્થ કચેરીના પત્ર નં.સી/આર.ટી.આઈ/૧૯૯,તા.૦૨/૦૯/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૬૬૨ થી નોંધાયેલ છે. અરજદારે તા.૦૯/૧૦/૨૦૨૪ ના રોજ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૨૮૯,તા. ૦૯/૧૦/૨૦૨૪થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૯૩૧ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " અમારી માહિતી માંગતી અરજી તા.૨૮/૦૮/૨૦૨૪ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સેકશન ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) તા. ૧૮/૦૯/૨૦૨૪ ના પત્ર થી મુદ્દા ૧ અને ૨ માહિતી નકલના નાણાં રૂા.૪૨/–(બેતાળીસ પુરા ) ભરપાઈ કરવા જણાવેલ જે અમોએ તા.૨૦/૦૯/૨૦૨૪ ના રોજ થી ભરપાઈ કરેલ છે, છતાં તે માહિતી આજદિન સુધી પૂરી પાડેલ નથી તેમજ મુદ્દા નં. ૩, ૪ની સંપુર્ણ માહિતી છુપાવેલ છે. તેમજ અમોએ માંગેલ માહિતી સંપૂર્ણ સ્પષ્ટ અને મર્યાદિત હોવા છતાં અમોએ માંગેલ માહિતી અમોને આજદિન સુધી મળેલ નથી. તેમ આજદિન સુધી માહિતી ન પૂરી પાડવાના કારણો " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી / ટાઉન પ્લાનરશ્રી/શહેર વિકાસ અધિકારીની નિમણૂંક માટે બહાર પાડવામાં આવેલ છેલ્લી જાહેરાતની માહિતી તેમજ નિમણૂંક કરવા માટે સુ.મ.ન.પા.દ્વારા હાલમાં પ્રવર્તમાન જોગવાઈ અનુસાર નકકી કરવામાં આવેલ ચોકકસ માપદંડ,લાયકાતની વિગત અને જાહેરાત પૈકી કેટલીક જગ્યાઓ ચેપ્ટર પ્રોવાઈઝો અંતગર્ત નિમણુંક કરવામાં આવેલ, તદઉપરાંત બાકી રહેલ નિમણૂંકો માટે પ્રસિધ્ધ કરવા માટેના પરિબળો, કારણો અને તે માટે નિયત કરવામાં આવેલ જોગવાઈની માહિતી જેવી વિગેરે માહિતીની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૨૨,૫૨૩તા.૧૮/૧૦/૨૦૨૪ અને જીએડી/ઈએસટી/ આર/૫૩૫,તા. ૨૩/૦૯/૨૦૨૪થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૪૨,તા.૧૮/૧૦/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૧,તા.૧૯/૧૦/૨૦૨૪ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૮/૦૮/૨૦૨૪ની આઈ.ડી.નં.૧૨૬૨ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પાના નંગ –૨૧ માટે રૂ.૪૨/–(અંકે બેતાળીસ રૂપિયા પુરા) ભરપાઈ માટે જણાવવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રીએ નાગરિક સુવિધા કેન્દ્ર, ઉધના ઝોન–એ માં તા.૨૦/૦૯/૨૦૨૪ ના રોજ રસીદ નં. ૬૦૦/૧૧૩ થી નાણાં જમા કરવામાં આવેલ જે પત્ર નં. સા.ઝોન–એ/આર.ટી.આઈ./આઉટ/૮૦૪,તા.૨૩/૦૯/૨૦૨૪ થી મોકલવામાં આવેલ જે અત્રે તા. ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ છે. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૫૩૫,તા. ૨૩/૦૯/૨૦૨૪ થી માહિતી/દસ્તાવેજ પાના નંગ ૨૧ પુરા પાડવામાં આવેલ છે.આમ સદર અરજી અન્વયે વધુ કઈ કરવાનું રહેતું ન હોય આપવામાં આવેલ માહિતી આર.ટી.આઈ એકટની જોગવાઈ મુજબ વ્યાજબી અને યોગ્ય જણાય છે. એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહમભટ્ટ દ્વારા તા.૦૯/૧૦/૨૦૨૪ની જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ સદર અપીલ અન્વયે ફરી તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ પરંતુ હાજર રહેલ નથી. આમ ઉકત બન્ને સુનાવણીમાં હાજર રહેલ નથી. આમ અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ ન હોય, સદર પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,પથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૭૪૪
સુરત. તા. ૨૦/૧૧/૨૦૨૪

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી જશવંતસિંહ એ.બ્રહમભટ્ટ, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૪/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલા
**સામાવાળા** :– ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલાની તા.૧૯/૦૭/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૯૧૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૧૪/૧૦/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૪.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪૩,તા.૧૮/૧૦/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૨,તા.૧૯/૧૦/૨૦૨૪.

અરજદાર શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલાની મુળ આઈ.ડી.નં.૯૧૪,તા.૧૯/૦૭/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૧૪,તા.૨૦/૦૭/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૯૯૫ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૨૯૯,તા. ૧૪/૧૦/૨૦૨૪થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૯૬૧ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે અને મુદ્દા નં.૧ નો જવાબ મળેલ નથી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સનેઃ–૨૦૧૭–૧૮ જે સફાઈ કામદાર વર્ગ–૪ના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ તે તમામ ઉમેદવારોની જે ઝોન પ્રમાણે જે અધિકારીઓએ ઈન્ટરવ્યુ લીધેલ હોય તેના આપેલ ગુણ માર્ક સહિતની યાદીની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૪૯,તા.૩૧/૦૭/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૪૩,તા.૧૮/૧૦/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૨,તા.૧૯/૧૦/૨૦૨૪થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૯/૦૭/૨૦૨૪ની આઈ.ડી.નં.૯૧૪ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી.

## હુકમ

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં  અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલા દ્વારા તા.૧૪/૧૦/૨૦૨૪ની જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી  તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨ કલાકે સુનાવણીમાં હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી સમક્ષ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી  સફાઈ કામદારની વર્ગ–૪ના ઈન્ટરવ્યુ અંગે તમામ ઉમેદવારોની ઝોન મુજબ આપવામાં આવેલ ગુણની માહિતી વિપુલ પ્રમાણમાં હોય સદર માહિતી આપી શકાય તેમ નથી એ બાબતની અરજદારશ્રીને સમજ આપવામાં આવેલ છે. જેથી સદર પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,પથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય  મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૬૮૪
સુરત. તા.૦૬/૧૧/૨૦૨૪

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ  માટે.

(૨) શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલા, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૫/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહમભટ્ટ
**સામાવાળા** :– ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહમભટ્ટ ની તા.૦૬/૦૯/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૧૩૭૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૧૫/૧૦/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૫/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૫.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪૪,તા.૧૮/૧૦/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૩,તા.૧૯/૧૦/૨૦૨૪.
(૪) અરજદારશ્રીને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૬,૬૮૧,તા. ૧૯/૧૦/૨૦૨૪ અને તા.૦૫/૧૧/૨૦૨૪.

અરજદાર શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહમભટ્ટની મુળ આઈ.ડી.નં.૧૩૭૮,તા.૦૬/૦૯/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.ચીફ ફાયર ઓફિસર,ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગના પત્ર નં.એફઈએસ/આરટીઆઈ/આઉટવર્ડ નં.૪૦૦,તા.૧૧/૦૯/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૭૩૬ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ જાહેર માહિતી અધિકારી અને એકઝીક્યુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તેઓના પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૩૦૩, તા. ૧૫/૧૦/૨૦૨૪થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૯૬૯ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " અમારી માહિતી માંગતી અરજી તા.૦૬/૦૯/૨૦૨૪ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી ધ્વારા તા.૧૧/૦૯/૨૦૨૪ ના તબદીલ પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ)ને સંપૂર્ણ માહિતી પૂરી પાડવા માટે તબદીલ કરેલ છે,ત્યારબાદ સદર જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સેકશન ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) ધ્વારા તા.૧૩/૦૯/૨૦૨૪ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને સેકશન અધિકારીશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગને મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરેલ છે, પરંતુ તેઓને પુરી પાડવાની કોઈ જ માહિતી તેઓએ પૂરી પાડેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) ધ્વારા તા. ૧૮/૦૯/૨૦૨૪ના પત્રથી મુદ્દા નં.૩ માટે જણાવેલ છે કે " સદર અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં.૩ ની માહિતી અત્રેના અધિકાર ક્ષેત્રને સ્પર્શતી ન હોય અત્રેના વિભાગની માહિતી નીલ છે " તેમ સંપૂર્ણ કાયદા વિરુધ્ધનો જવાબ આપેલ છે, પરંતુ અમોએ માંગેલ કોઈ જ માહિતી અમોને પૂરી પાડેલ ન હોવાના કારણો " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુર ખાતે થી સર્ટીફિકેટ,ક્વોલીફીકેશન મેળવ્યા વગર સુરત મહાનગર પાલિકાના ફાયર વિભાગમાં ફરજ બજાવી રહેલ અધિકારીનું નામ કર્મચારી

નંબર,હોદ્દો,મોબાઈલ નંબર સહીતની માહિતી આપવી. " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૨૧,તા.૧૮/૧૦/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૪૪,તા.૧૮/૧૦/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૩,તા.૧૯/૧૦/૨૦૨૪ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા૦૬/૦૯/૨૦૨૪ની આઈ.ડી.નં.૧૩૭૮ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રેના અધિકારક્ષેત્રને સ્પર્શતી ન હોય અત્રેના વિભાગની માહિતી નીલ છે.આમ સદર અરજી અન્વયે વધુ કઈ કરવાનું રહેતું ન હોય આપવામાં આવેલ માહિતી આર.ટી.આઈ એકટની જોગવાઈ મુજબ વ્યાજબી અને યોગ્ય જણાય છે. એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી હર્ષ દિનેશકુમાર બ્રહમભટ્ટ દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૪ની જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનમાં કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૦૧:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી તેમજ સદર અપીલ અન્વયે ફરી તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ ૧૨:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ પરંતુ હાજર રહેલ નથી આમ ઉકત બન્ને સુનાવણીમાં હાજર રહેલ નથી. આમ અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ ન હોય સદર પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,પથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૭૪૩
સુરત. તા. ૨૦/૧૧/૨૦૨૪

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.

(૨) શ્રી હર્ષ દિનેશકમાર બ્રહમભટ્ટ, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૬/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી જયેશ બીપીનચંદ્ર તન્નાની તા.૨૧/૦૯/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૧૪૭૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૧/૧૧/૨૦૨૪ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૧/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૬.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૦,તા.૧૮/૧૧/૨૦૨૪.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૨,તા.૧૮/૧૧/૨૦૨૪.
(૪) અરજદારશ્રીને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૪૬,તા.૨૧/૧૧/૨૦૨૪

અરજદાર શ્રી જયેશ બીપીનચંદ્ર તન્નાની મુળ આઈ.ડી.નં.૧૪૭૭,તા.૨૧/૦૯/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી. સીઝેડ /આર.ટી.આઈ./આઉટવર્ડ નં.૧૪૭૭,તા.૨૩/૦૯/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા આંશિક/સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૮૦૯ થી નોંધાયેલ છે. અરજદારે તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૧૪૯ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે "(૧) જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા આઈ.ડી.૧૪૭૭ અન્વયે આર.ટી.આઈ ના મુદ્દા નં. ૧ માં માંગેલ માહિતી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ની કલમ ૮(૧)(ટ) મુજબ આપી શકાય નહી તેમ જણાવેલ છે પરંતુ સદર કલમનો અભ્યાસ કરતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ભરતી પ્રક્રિયામાં કયા કારણોસર વિલંબ થઈ રહેલ છે તેને લગતા કારણોને લગતી માહિતી આપવી એ છુટછાટ હેઠળ આવતી નથી તેવુ જણાય છે.(૨) મુદ્દા નં. ૨ માં માંગેલ માહિતી અર્થઘટન સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ છે તેમ જાણ કરવામાં આવેલ છે પરંતુ અર્થઘટન સમિતિને આપવામાં આવેલ સત્તા તથા સત્તા અન્વયેની કામગીરી તેમજ સત્તાની મર્યાદા હોય તો તે સદર નિર્ણય લેવામાં આવેલ હોય તે મીટીંગની મિનિટસ ઓફ મીટીંગ તેમજ સદર નિર્ણય કયા આધારે લેવામાં આવેલ છે વિગેરે જેવી માહિતી આપવામાં આવેલ નથી.(૩) મુદ્દા નં. ૦૩માં માંગેલ માહિતીમાં રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા સદર જગ્યાઓના પર્સનલ ઈન્ટરવ્યુની તારીખ તેમજ સમયની ફાળવણી માટે પાઠવવામાં આવેલ ૦૩ પત્રોના ફકત આઉટવર્ડ નંબર જ જણાવેલ છે પરંતુ સદર પત્રો કોને લખવામાં આવેલ છે તેની માહિતી તેમજ તેના નોટીગ સેકશન તથા સદર પત્રોની નકલ આપવામાં આવેલ નથી. આ ઉપરાંત તા.૨૭/૦૨/૨૦૨૩ થી આજદિન સુધી રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપલિકા ધ્વારા સદર જગ્યાઓને લગતા ઝોન/ખાતા અને /અથવા સક્ષમ સત્તાધિકારીઓ સાથે પત્રવ્યવહાર કરવામાં આવેલ છે કે નહી તેની સ્પષ્ટ માહિતી પણ આપવામાં આવેલ નથી" એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં "સુરત મહાનગરપાલિકાની (કોડ–૧૮૫),આસી.ઈજનેર (ઈલેકટ્રોનિકસ)(કોડ–૨૦૪) તેમજ આસી. ઈજનેર (કોમ્પ્યુટર) (કોડ–૨૦૫)ની જગ્યાઓની મૌખિક પરીક્ષા(ઈન્ટરવ્યુ ) લેવાનું કયા આધારે નકકી કરવામાં આવેલ છે તે અંગેની માહિતી તેમજ સદર બાબતને લગતા ડોકયુમેન્ટસની નકલો તેમજ

ઉમેદવારોની મૌખિક પરીક્ષા/ઈન્ટરવ્યુ કયા કારણોસર લેવાયેલ નથી તેની માહિતી તેમજ સદર બાબતને લગતા ડોકયુમેન્ટસની નકલો વિગેરે માહિતીની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૩૨, તા.૧૭/૧૦/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૭૩૦,તા.૧૮/૧૧/૨૦૨૪ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૨,તા.૧૮/૧૧/૨૦૨૪ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૧/૦૯/૨૦૨૪ની આઈ.ડી.નં.૧૪૭૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે મુદ્દા નં. ૧ અને ૩ ની માહિતીની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોય, માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ–૮ (૧) (ટ) મુજબ માહિતી આપી શકાય નહિ. તેમજ મુદ્દા ૨ માં માંગવામાં આવેલ માહિતીમાં સદર કેડરોની ભરતી માટે મૌખિક પરિક્ષા(ઈન્ટરવ્યુ) લેવાનું અર્થઘટન સમિતી ધ્વારા નકકી કરવામાં આવેલ છે. સદર કેડરોના પર્સનલ ઈન્ટરવ્યુ માટેની તારીખ અને સમયની ફાળવણી માટે પત્ર નંબર પાઠવવામાં આવેલ છે. એમ જણાવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૪ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારશ્રી હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી સમક્ષ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીની મૌખિક માહિતી આપવામાં આવેલ છે. તે અંગે સમજ પુરી પાડવામાં આવેલ છે.વધુમાં અરજદારશ્રી અરજીમાં માંગવામાં આવેલ કેડરોની ભરતી બાબતે પર્સનલ ઈન્ટરવ્યુ અંગે આગળની કાર્યવાહી વધારવા જણાવેલ છે જે બાબતે સદર કેડરોની ભરતી પ્રકિયા પ્રગતિ હેઠળ છે.આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય,પથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૭૭૧
સુરત. તા. ૦૨/૧૨/૨૦૨૪

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૭/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી નટવરભાઈ દલપતભાઈ પંડયા
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી નટવરભાઈ દલપતભાઈ પંડયાની તા.૨૩/૧૨/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૨૨૧૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૨૪/૦૧/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૭.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૦૩,તા.૦૩/૦૨/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૧૦,તા.૦૬/૦૨/૨૦૨૫.

અરજદાર શ્રી નટવરભાઈ દલપતભાઈ પંડયાની મુળ આઈ.ડી.નં.૨૨૧૦,તા.૨૩/૧૨/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી. સીઝેડ /આર.ટી.આઈ./આઉટવર્ડ નં.૨૨૧૦,તા.૨૩/૧૨/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા આંશિક/સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૫૦૦ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગમાં ટપાલ મારફત પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૭૨૧ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે મુદ્દા નં. ૧ અને ૨ માહિતી અમો અરજદારે જાહેર હિત રહેલ હોવાના લીધેલ માંગેલ છે મુદ્દા નં.૧ માં જણાવેલ માહિતી એ એક જાહેર પરીક્ષામાં ઉમેદવારની હાજરી છે કે કેમ તે તપાસવા માંગેલ છે માટે તેમાં જાહેર હિત સમાયેલ છે. અમો અરજદાર નાગરિક હોવાના નાતે સરકારશ્રી ધ્વારા લેવામાં આવતી કોઈપણ જાહેર પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ થઈ છે કે કેમ તે ચકાસવા જાણવાનો અધિકાર છે માટે મુદૃ નં ૧ માં જણાવેલ માહિતી જાહેર હિત સાથે સંકળાયેલ નથી તેમ બિલકુલ કહી શકાય નહી. તેમજ મુદ્દા નં.૨ મા પણ પરીક્ષા ખંડના સીસીટીવી માંગેલ છે જેમાં પણ પરીક્ષા ખંડમાં કોઈ ગેરરીતિ થયેલ છે કે કેમ તે તપાસવુ ખુબ જ જરૂરી છે અને એમાં બિલકુલ જાહેર હિત સાથે સમાયેલ છે. અમો નાગરિકને જાહેર પરીક્ષાના સીસીટીવી જોવા તપાસવા અને પરદર્શિતા ચેક કરવાનો સંપૂર્ણ અધિકાર છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકાના રીક્રુટમેન્ટ સેલ ધ્વારા જાહેર કરાયેલ ક્રમાંક ૨૨૩૭ જે તા.૦૨/૦૧/૨૦૨૧ ઓનલાઈન અરજીપત્રકો મંગાવેલ જેની પાસ ઉમેદવારોની જાહેર કરાયેલ તારીખ ૨૬/૦૨/૨૦૨૩ ના રોજની યાદી પૈકી નં.૧૭ એપ્લીકેશન નં.૫૯૫૪૧, રોલ નં.૨૪૩૨૭ નામ મફાભાઈ સગરામભાઈ ભુખ્યાના પ્રશ્નપત્રના કોડ મુજબ પ્રશ્નપત્રની પ્રમાણિત નકલ તેમજ જવાબવહીની કોડ મુજબ પ્રમાણિત નકલ હાજરી પત્રકની પ્રમાણિત નકલ તેમજ હોલ ટીકીટની પ્રમાણીત નકલ અને ઉમેદવારને ફાળવાયેલ પરીક્ષા કેન્દ્રના રૂમ નંબર બ્લોક નંબરના તેમજ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશથી લઈ અને પરીક્ષાખંડ છોડીને બહાર નીકળતા સુધીના CCTV ફુટેજની માહિતીની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૩ માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૧૫,તા. ૨૭/૧૨/૨૦૨૪ થી અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે.મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ)વિભાગને લાગત માહિતી માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭૮, તા.૨૧/૦૧/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૦૩,તા.૦૩/૦૨/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૧૦,તા.૦૬/૦૨/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૩/૧૨/૨૦૨૪ની આઈ.ડી.નં.૨૨૧૦ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે મુદા નં.૧ અને ૨ માં માંગવામાં આવેલ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય તેમજ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડી શકાય નહી. એમ જણાવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી નટવરભાઈ દલપતભાઈ પંડયા ધ્વારા તા.૨૪/૦૧/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ (આર) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા અન્વયે તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ ઓનલાઈન મંગાવવામાં આવે અરજીપત્રકો અન્વયે પાસ થયેલ ઉમેદવારો પૈકી એપ્લીકેશન નં.૫૯૫૪૧ ની પ્રશ્નપત્ર, જવાબવહી, હાજરી પત્રક,હોલ ટીકીટની પ્રમાણિત નકલ તેમજ સદર ઉમેદવારના પરીક્ષા કેન્દ્રના રૂમ નંબરના પ્રવેશથી લઈ પરીક્ષાખંડ છોડીને બહાર નીકળતા સુધીના CCTV ફુટેજ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય તેમજ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડી શકાય નહી. આમ મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૨૫
સુરત. તા. ૧૨/૦૨/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી નટવર દલપતભાઈ પંડયા, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૮/૨૦૨૪–૨૫**

**અરજદાર :–** શ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી જયેશ બીપીનચંદ્ર તન્નાની તા.૦૬/૧૨/૨૦૨૪ મુળ અરજી આઈ.ડી.નં.૨૦૪૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૦૬/૦૨/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૦૬ /૦૨/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૮.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૨૭,તા.૧૨/૦૨/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૫,તા.૧૭/૦૨/૨૦૨૫.
(૪) અરજદારશ્રીને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૮,તા.૧૭/૦૨/૨૦૨૫

અરજદાર શ્રી જયેશ બીપીનચંદ્ર તન્નાની મુળ આઈ.ડી.નં.૨૦૪૭,તા.૦૬/૧૨/૨૦૨૪ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી. સીઝેડ /આર.ટી.આઈ./આઉટવર્ડનં.૨૦૪૭,તા.૦૭/૧૨/૨૦૨૪ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં માહિતી પુરી પાડવા આંશિક/સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૩૬૫ થી નોંધાયેલ છે. અરજદારે તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૭૭૫ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારી, રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા નં.જીએડી/ઈએસટી/આર/૮૪૧ તા.૦૮/૦૧/૨૦૨૫ ના પત્ર મારફત આઈ.ડી.નં.૨૦૪૭ તા.૦૬/૧૨/ ૨૦૨૪ ની RTI ના મુદ્દા નં.૦૪ થી ૧૪ અને ૧૬ માં માગેલ માહિતી અન્વયે મુદ્દા નં.૧૩ માં આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે જણાવવાનું કે મિનિટસ ઓફ મીટીંગના ડોકયુમેન્ટ વહીવટી કાર્યવાહીના અનુસંધાને હોય, જાહેર માહિતીની વ્યાખ્યામાં આવતા નથી આથી તે આપી શકાય તેમ નથી તેવું જણાવેલ પરંતુ માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ની કઈ કલમને આધારે આપી શકાય તેમ નથી તેવું જણાવવામાં આવેલ નથી તેમજ સદર માંગેલ માહિતી એ જાહેર સંસ્થાની જાહેર જગ્યાઓ માટેની સીધી ભરતીને લગતી હોય, તેને લગતી તમામ માહિતી જાહેર માહિતીની વ્યાખ્યામાં આવે તેવું કહી શકાય અને માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ની રચના પણ એટલે જ કરવામાં આવી છે કે જેથી જાહેર જનતા જાહેર સંસ્થાની વહીવટી માહિતી જાણી શકે. વધુમાં જણાવવાનું કે, આઈ.ડી.નં.૯૯૭ તા.૧૯/૦૭/૨૦૨૩ ની RTI ની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસર(આર) નં.જીએડી/ઈએસટી/આર/૯૨૦ તા.૧૮/૦૯/૨૦૨૩ ના હુકમ મજબ ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફીસરની ભરતી બાબતે અર્થઘટન સમિતિની મીનીટસ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી, રીક્રુટમેન્ટ વિભાગ જણાવવામાં આવેલ છે. આમ, મને સદર બાબતે આપવામાં આવેલ જવાબ તેમજ ઉપરોકત જણાવેલ આઈ.ડી.નં.૯૯૭ તા.૧૯/૦૭/૨૦૨૩ ની RTI ના પ્રથમ અપીલ હુકમ બંને વિરોધાભાસી જણાય છે.

આ ઉપરાંત,આસી.ઈજનેર(ઈલેકટ્રીકલ, મિકેનિક, કોમ્પ્યુટર,ઈલેકટ્રોનિકસ) અને આસી.ઈન્ફોર્મેશન સિસ્ટમ મેનેજરની ૨૦૧૨ થી ૨૦૨૪ ના સમયગાળામાં આપવામાં આવેલ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ હોય, માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) મુજબ આપી શકાય નહિ તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. પરંતુ, માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ની કલમ–૮(૧)(ટ) નો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય આવે છે કે, સદર કલમમાં આપવામાં આવેલ છુટ મંત્રી પરિષદ, સચિવો તેમજ કેબિનેટના અધિકારીઓના મંત્રણાના રેકર્ડ માટેની છે. ઉપરાંત સદર કલમમાં મંત્રી પરિષદના નિર્ણયો તેના કારણો અને જે સામગ્રીને (બાબતને) આધારે નિર્ણયો લેવામાં આવ્યા હોય તે નિર્ણય લીધા પછી અને બાબત પુરી અથવા સંપુર્ણ થઈ ગઈ હોય, ત્યારે જાહેર કરવા જણાવેલ છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકાની આસી.ઈન્ફોર્મેશન સિસ્ટમ મેનેજર,આસી ઈજનેર(ઈલેક્ટ્રોનીકસ) અને આસી.ઈજનેર(કોમ્પ્યુટર)ની જગ્યાની ભરતી બાબતે માહિતીની માંગણી કરવામાં આવેલ " જે સંદર્ભે માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧,૨,૩ અને ૧૫ માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૮૭,તા. ૧૦/૧૨/૨૦૨, થી મધ્યસ્થ મહેકમ વિભાગમાં અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે, તથા અત્રેના વિભાગના લાગત મુદ્દા માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૪૧,તા. ૦૮/૦૧/૨૦૨૫ અને જીએડી/ઈએસટી/આર/૭૯૫, તા.૧૮/૧૨/૨૦૨૪ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૨૭,તા.૧૨/૦૨/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૫,તા.૧૭/૦૨/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૬/૧૨/૨૦૨૪ની આઈ.ડી.નં.૧૦૪૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા વર્ષ – ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૪ સુધી વર્ગ –૨ ની આસી.ઈજનેર(સીવીલ)(ઈલેકટ્રીકલ)(કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમ) વગેરે જેવી તમામ ટેકનિકલ કેડરોની માહિતીની માંગણી કરવામાં આવેલ જે બાબતે અત્રથી વિસ્તૃત માહિતી હોય ચોકકસ કેડરની જરૂરિયાત હોય તેની સ્પષ્ટતા કરવા અરજદારશ્રીને જણાવવામાં આવેલ હતુ. તેના સંદર્ભે અરજદારશ્રી તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ પત્રમાં સુરત મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૪ સુધી વર્ગ–૨ ની આસીસ્ટન્ટ ઈજનેર(સિવિલ), આસી.ઈજનેર (ઈલેકટ્રીકલ), આસી.ઈજનેર(મિકેનિક/મિકેનિકલ),આસી.ઈજનેર(ઈન્સટ્રુમેન્ટેશન), આસી.ઈજનેર(બાયો મેડિકલ),આસી. ઈજનેર (ઈલેકટ્રોનિકસ),આસી ઈજનેર (કોમ્પ્યુટર),આસીસ્ટન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ મેનેજરની જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા માટે માંગવામાં આવેલ મુદ્દાની માહિતી માંગવામાં આવેલ, જે બાબતે અત્રેથી ઉપલબ્ધ રેર્કડ આધારિત માહિતી પાના નંગ–૬ પુરા પાડવામાં આવેલ છે. એમ જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના દ્વારા તા.૦૬/૦૨/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૬/૦૨/૨૦૨૫ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારશ્રી હાજર રહેલ છે. અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને આસી.ઈજનેર(સીવીલ),આસી.ઈજનેર (ઈલેકટ્રીકલ), આસી. ઈજનેર(મિકેનિક/મિકેનિકલ), આસી.ઈજનેર(ઈન્સટ્રુમેન્ટેશન), આસી.ઈજનેર(બાયો મેડિકલ),આસી. ઈજનેર (ઈલેકટ્રોનિકસ),આસી ઈજનેર (કોમ્પ્યુટર),આસીસ્ટન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ મેનેજરની ભરતી બાબતે મુદ્દા નં. ૪ થી ૧૪ અને ૧૬ ની પુરી પાડવામાં આવેલ માહિતી અંગે સમજ આપવામાં આવેલ છે, તેમજ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં. ૧૩ ની માહિતી કે જે રીક્રુટમેન્ટ વિભાગની ભરતી પ્રક્રિયા અન્વયેની ખાનગી માહિતી હોય જે આપી શકાય એમ

નથી. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૭૩
સુરત. તા. ૦૧/૦૩ /૨૦૨૫

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.

(૨) શ્રી જયેશ બીપીનચંદ્ર તન્ના, પ્રતિ.....જાણ સારૂ.